# મોડાસામાં મંગળવારે સીએએ સમર્થન માટે મહારેલીનો મેસેજ સોશિયલ મીડિયામાં વાઈરલ

## અફવાથી દૂર રહેવા અને રેલીને તંત્રની મંજૂરી નથી

મોડાસા, તા. ૨૨

દેશભરમાં સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (સીએએ) અને નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન (એનઆરસી)ના વિરોધમાં અનેક લોકો આંદોલનમાં ઉમટી પડયાં છે. ત્યારે અનેક લોકોના આંદોલન સમયના એવાં વિડીયો પણ ફરતાં થયાં છે કે જેમને આ મુદ્દા વિશે કશીજ ગતાગમ નથી છતાં તેઓ વિરોધમાં ઉમટયાં છે. જ્યારે બીજી તરફ ભારતની ભવિષ્ય પેઢીની સુરક્ષિત કરવા માટે આ બિલને જરૂરી ગણાવી તેના સમર્થનમાં અરવલ્લી નાગરિક જાગરણ સમિતિના નામે સોશ્યલ મીડિયામાં સીએએ સમર્થનમાં મોડાસાના કલ્યાણ ચોકથી મંગળવારે મહારેલીનું આયોજન કરવામાં આવ્યો હોવાનો વાઈરલ થતા તંત્ર હરકતમાં આવી ગયું છે અને તંત્ર સોશ્યલ મીડિયાનો સહારો લઈ તા.૨૪-૧૨-૨૦૧૯ ના રોજ મોડાસા ખાતે સીએએ-એનઆરસીના વિરોધ કે સમર્થન બાબતે રેલી નીકાળવા અંગે જે મેસેજ વાઈરલ થયો છે. આ રેલીને તંત્ર તરફથી કોઈ પણ મંજૂરી આપેલ નથી તો આવી અફવાથી દૂર રહેવા અને આવી કોઈપણ સમર્થન કે વિરોધ રેલીમાં ભાગ લેવો નહીંની તાકીદ કરી છે.

> તા.૨૪/૧૨/૧૯ ના રોજ મોડાસા ખાતે CAA-NRC ના વિરોધ/સમર્થન બાબતે રેલી નિકાળવા અંગે જે મેસેજો સોશયલ મીડિયામાં વાયરલ થયેલા છે. તે બાબતે તંત્ર તરફથી કોઈ પણ રેલીને મંજૂરી આપેલ નથી...
>
> આથી આવી અફવાઓથી દૂર રહેવું અને આવી કોઈ વિરોધ અથવા સમર્થન રેલીમાં ભાગ લેવો નહી....

શનિવારે બપોરથી સોશ્યલ મીડિયામાં અને મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં વિવિધ વોટ્સઅપ ગ્રુપમાં નાગરિક જાગરણ સમિતિ અરવલ્લીના નામે સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (સીએએ)ના જનસમર્થનમાં તા.૨૪-૧૨-૨૦૧૯ મંગળવારે સવારે ૧૦ કલાકે કલ્યાણ ચોક મોડાસાથી જનસમર્થન મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હોવાથી આ કાયદાના સમર્થનમાં મોટી સંખ્યામાં નાગરિકોને ઉમટી પડવા આહવાન કરી અપીલ કરી તમામ કામકાજ છોડી એક કલાક આપો અને એકતા બતાવી જનસમર્થનનો પ્રચંડ પરચો બતાવો અને વધુમાં વધુ લોકોને આ મેસેજ મોકલવામાં આવેની સોશ્યલ મીડિયામાં અપીલ કરવામાં આવી રહી છે. આ મેસેજ અને પોસ્ટને સોશ્યલ મીડિયામાં ભારે સમર્થન મળ્યું હોય તેમ લોકો વાઈરલ કરતા જીલ્લાતંત્ર હરકતમાં આવી ગયું છે. જીલ્લામાં શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે સોશ્યલ મીડિયાનો સહારો લીધો છે.

પોલીસતંત્ર સોશ્યલ મીડિયાનો સહારો લઈ તા.૨૪-૧૨-૨૦૧૯ના રોજ મોડાસા ખાતે સીએએ-એનઆરસીના વિરોધ કે સમર્થન બાબતે રેલી નીકાળવા અંગે જે મેસેજ વાઈરલ થયો છે આ રેલીને તંત્ર તરફથી કોઈ પણ મંજૂરી આપેલ નથી તો આવી અફવાથી દૂર રહેવા અને આવી કોઈપણ સમર્થન કે વિરોધ રેલીમાં ભાગ લેવો નહીંની તાકીદ કરી છે.

# ખેડબ્રહ્મા બાર એસો.ની ચૂંટણી યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મામાં શનિવારના રોજ બાર એનસોસિયેશનના



પ્રમુખ અને મંત્રી માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રમુખના સ્થાન માટે ચાર ઉમેદવાર અને મંત્રી માટે બે ઉમેદવારોએ ઉમેદવારી કરી હતી. જેમાં પ્રમુખ તરીકે વોરા વિરલ કીર્તિકુમાર અને મંત્રી તરીકે જસવંતભાઈ અમૃતલાલ પંચાલને વધુ મત મળતા ચૂંટણી અધિકારી આર.આર. જાનીએ વિજેતા જાહેર કર્યા હતા, જ્યારે ઉપ પ્રમુખ પટેલ ચેતનકુમાર નટવરભાઈ, સહમંત્રી પટેલ મૃગેશભાઈ જશુભાઈ અને ખજાનચી તરીકે વોરા જાગૃતિબેન શશીકાંતની બિન હરીફ વરની કરવામાં આવી હતી. વિજેતા ઉમેદવારોને બાર એસોસિયેશનના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ભિલોડા પોલીસે માર્ગ મકાન વિભાગને નોટિસ ફટકારી રોડના કારણે અકસ્માત થશે તો ગુન્હો નોંધાશે

ભિલોડા, તા. ૨૨

ભિલોડા વિસ્તારમાં અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થવાની સાથે અકસ્માતમાં નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓનું મોત નિપજતા ભિલોડા પોલીસે નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ ભિલોડાને નોટિસ ફટકારી ભિલોડા વિસ્તારના રસ્તાઓ પર જરૂરી સિગ્નલો, રોડ પર સફેદ પટ્ટા મારવા તેમજ રોડ પર વાહનચાલકો માટે આડાશ રૂપી ઝાડવાનો નિકાલ કરવામાં આવેની તાકીદ કરી નોટિસ મળ્યાની ૭ દિવસમાં કામગીરી પૂર્ણ કરી રિપોર્ટ કરવામાં આવે અને ૭ દિવસના સમયગાળામાં રસ્તાઓ પર જરૂરી કામગીરી કરવામાં નહિ આવે તો અને અકસ્માતમાં રોડની કોઈપણ બેદરકારી જણાઈ આવશે તો માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારી સામે કાયદેસરનો ગુન્હો નોંધવામાં આવશેની ચીમકી ઉચ્ચારી છે.

ભીલોડા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં મોટા પ્રમાણમાં ફેટલ અકસ્માતો થયેલ છે, જેમાં નિર્દોષ નાગરીકો વાહનચાલકોના મોત થયેલ છે, જે અકસ્માતો અટકાવી શકાય તે સારૂ જરૂરી પગલાં લેવાના થતા હોઈ જેથી ભીલોડા પોલીસે સ્ટેશન વિસ્તારના ભીલોડાથી રાયસીંગપુર તથા ટાકાટુકાથી ભાણમેર ઝાઝરી બોર્ડર ભીલોડાથી વિપુર ગામ સુધી તથા ગંભીરપુરાથી વાઘેશ્વરી ભીલોડાથી મલાસા ગામ ભીલોડાથી મઉ ગામ સુધી તથા ભીલોડાથી ધોલવાણી ત્રણ રસ્તા મોહનપુર રીંટોડા અને રાયપુર ગામના પુલ સુધી તેમજ રીંટોડા ત્રણ રસ્તાથી હરીપુરા ગામ તેમજ ભેટાલી ચાર રસ્તાથી ખેરાડી તથા ભેટાલી ચાર રસ્તાથી ટોરડા સુધી તથા ટોરડાથી બુધરાસણ સુધીના રસ્તાઓ આપના હસ્તકમાં આવેલ છે. જે રસ્તાઓ ઉપર વળાંકો આવે છે, જે વળાંકમાં બમ્પ લગાવવા જેના ઉપર સફેદ પટ્ટાના સીગ્નલ તેમજ રેડીયમના સીગ્નલ દર્શાવતા બોર્ડ લગાવવા તેમજ વળાંકવાળા અને સીધા રસ્તા ઉપર જે ઝાડી ઝાખરા રોડ ઉપર આવી ગયેલ છે. જેના કારણે અકસ્માતો થયેલ છે. અથવા અકસ્માત થવાનો સંભવ હોવાથી રોડ પરના ઝાડી-ઝાંખરા અને આડાશો દૂર કરવામાં આવે તથા રસ્તા ઉપર આપના તરફથી તમામ કાર્યવાહી પુર્ણ કરવા તમોને જાણ કરવામાં આવે છે, અને રસ્તા ઉપરનું કામ પૂર્ણ કરી દિન-૭માં અમોને રીપોર્ટ કરવા તાકીદ કરી છે. માર્ગ અને મકાન વિભાગ તરફથી થયેલી કામગીરી અંગેનો રિપોર્ટ ઉપરી અધિકારીને રીપોર્ટ પાઠવવાનો થતો હોઈ અને આપના તરફથી જરૂરી કાર્યવાહી કરવામાં ન આવે અને આપની કોઈપણ જાતની બેદરકારી જણાઈ આવશે તો આપના વિરૂધ્ધ કાયદેસર ગુન્હો દાખલ કરવામાં આવશેની નોટિસ ફટકારતા માર્ગ અને મકાન વિભાગમાં હડકંપ મચી છે.

# ઉનાવામાં શાંતિ જાળવવા અપીલ

ઊંઝા, તા. ૨૨

દેશના કેટલાક રાજ્યોમાં નાગરિકતા સુધારણા કાયદાનો ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ઊંઝા નજીકના સંવેદનશીલ એવા યાત્રાસ્થળ ઉનાવા નગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ અધિક્ષક મનિષસિંહ દ્વારા તાબાના થાણા અમલદારોને પોતાના વિસ્તારમાં શાંતિ જળવાય તે માટે સૂચના આપવામાં આવતાં ઉનાવા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર બારોટે ગામના હિંદુ મુસ્લિમ અગ્રણીઓ નાગરિકોની એક બેઠક યોજી નાગરિક સુધારણા કાયદા વિશે સાચી સમજ આપી નગર અને આસપાસના વિસ્તારમાં શાંતિ જળવાય તેવા પ્રયાસો કરવા જણાવ્યુ હતુ.

બેઠકમાં ઉનાવા મીરાંદાતાર દરગાહ ટ્રસ્ટના ચેરમેન વારીસઅલી સૈયદ, મુસ્લિમ અગ્રણી મનોહર સૈયદ વગેરેએ ઉનાવામાં કાયદાનો કોઈ વિરોધ કરવામાં આવી રહ્યો નથી અને કોમી એખલાસ, સદ્ભાવનાનુ શાંતિમય વાતાવરણ કાયમ જળવાઈ રહે તે બાબતે ભાર મુક્યો હતો. બેઠકમાં પંચાયતના સદસ્યો અન્ય અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# મેઘરજ પોલીસે સ્વીફ્ટ ડિઝાયર કારમાં લવાતા ૧.૨૬ લાખના દારૂ સાથે ચાર શખ્સોને દબોચ્યા

મેઘરજ, તા. ૨૨

૩૧ ડિસેમ્બરને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ૩૧ ડિસેમ્બરની ઉજવણીમાં દારૂની રેલમછેલને રોકવા



અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર પણ સજ્જ બન્યું છે. મેઘરજ પોલીસે રાજસ્થાનમાંથી વિદેશી દારૂ ઘુસાડાતો અટકાવવા સઘન પેટ્રોલિંગ હાથ ધર્યુ છે. ચીથરીયા ગામ નજીકથી પાયલોટિંગ કરતી હોન્ડા સીટી કાર અટકાવી પાછળ આવતી સ્વીફ્ટ ડિઝાયર કારમાંથી ૧.૨૬ લાખના વિદેશી દારૂ સાથે જીલ્લાના ૫ બુટલેગરોને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

મેઘરજ પીએસઆઈ કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે મેઘરજ પંથકના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પર સઘન પેટ્રોલિંગ અને વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ છે. પંચાલ હાઈસ્કૂલ નજીક ચીથરીયા ગામ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી નંબર વગરની હોન્ડાસીટી કારને અટકાવી બે શખ્સોની પૂછપરછ કરતા તેઓ સ્વીફ્ટ ડિઝાયર કારમાં વિદેશી દારૂ આવી રહ્યો હોવાનું અને તેનું પાયલોટિંગ કરતા હોવાનું જણાવતા પોલીસે નાકાબંધી કરી સતર્ક બની પાછળ આવતી સ્વીફ્ટ ડિઝાયર (ગાડી.નં. જીજે-૨૩-પી-૩૭૯૭)ને અટકાવી તલાસી લેતા કારમાંથી મોંઘી બ્રાન્ડની વિદેશી દારૂ-બિયર નંગ-૩૯૬ કીં. રૂ.૧૨૬૯૮૪નો જથ્થો જપ્ત કરી, બંને કાર કિ. રૂ. ૯૦૦૦૦૦, રોકડ રકમ ૮૨૧૦, ત્રણ મોબાઈલ સહીત કુલ રૂ.૧૦,૩૯,૬૯૪નો મુદ્દામાલ જપ્ત કરી અરવિંદ મણાભાઈ બામણીયા, પ્રવીણ પ્રતાપજી બામણીયા, ભાવેશ બળદેવભાઈ પરમાર (ત્રણે,રહે.ફરેડી, મોડાસા), રમેશ ઉર્ફે રાયલો માસુરભાઈ ડામોર (રહે. કાલીયાકુવા, મેઘરજ), લક્ષ્મણ ભલાભાઈ ખાંટ (રહે, મુલોજ,મોડાસા)ને દબોચી લઈ ઢેકવા રાજસ્થાનના ઠેકા પરના માણસ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ૫ બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ઢેકવાના શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કવિવર ઉમાશંકર જોષીની પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાજલી કાર્યક્રમ

ભિલોડા,તા.૨૨

બામણા-મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,બામણા પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલ,સ્ટાફગણ,વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોષીની પાવન જન્મભુમિ બામણા ખાતે તેઓની પુણ્યતિથિ નિમિત્તે કવિવરની સ્વ-રચિત ગીત-ગાન, જીવન પરીચયથી શ્રધ્ધાજલી અર્પવાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. સફળ સંચાલન પ્રો.ડૉ.ભીખાભાઈ પટેલ, આભાર દર્શન પ્રો.બ્રિજેશભાઈ પંચાલએ કર્યુ હતું.

# અરવલ્લીના ત્રણ વિદ્યાર્થીઓ કેરલ આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સ્પર્ધામાં ભાગ લેશે

## બે વિદ્યાર્થિનીઓએ બનાવ્યા યુનિક પ્રોજેક્ટ

મોડાસા, તા. ૨૨

રાષ્ટ્રીય કક્ષાની નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૧૯ની સ્પર્ધામાં અરવલ્લી જિલ્લાના ત્રણ બાળકોની પસંદગી થઈ છે. જેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં



ભાગ લેવા કેરલના તિરુઅનંતપુરમ ખાતે જશે, જ્યાં એશિયાની વિવિધ દેશોની શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લેવા આવશે. મોડાસાની શ્રી એચ.એલ. સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કરતી ધોરણ અગિયાર સાયન્સની બે વિદ્યાર્થિનીઓએ અલગ અલગ યુનિક પ્રોજેક્ટ રાષ્ટ્રીયકક્ષાએ રજૂ કર્યા હતા. જેઓની પસંદગી આંતરાષ્ટ્રીય સ્પર્ધા માટે હવે પસંદ થતાં શાળામાં ખુશીનું મોજું પ્રસરી વળ્યું છે. દિશા ચૌધરી નામની વિદ્યાર્થિનીએ વૃક્ષોમાં ઓક્સિજનના પ્રમાણ પર પ્રોજેક્ટ તૈયાર કર્યો છે, જેના માટે શહેરના વિવિધ વૃક્ષોના રીડિંગ લીધા હતા, તો અન્ય વિદ્યાર્થિની શ્રુતી પટેલે નવજાત બાળકોમાં મગજના લગવા વિષે પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો. આવા બાળકોમાં રહેવા રોગને ઓળખવા વિવિધ પ્રકારની એક કીટ તૈયાર કરી છે, જેમાં અલગ અલગ પ્રકારની એલઈડી લાઈટ લગાવી છે. જ્યારે બાળક રડે અથવા તો હસે તો તેના પરથી એલઈડી ચાલુ કે બંધ થાય, જેથી બાળક શુ કહેવા માંગે છે તે જાણી શકાય છે. આ માટે વિદ્યાર્થિનીઓએ શહેરની વિવિધ હોસ્પિટલમાં જઈન બાળકોના ડોક્ટર સાથે મુલાકાત કરીને ખાસ પ્રોજેક્ટ તૈયાર કર્યો હતો. કેરલ ખાતે યોજાનાર સ્પર્ધામાંથી પંદર પ્રોજેક્ટ પસંદ કરાશે અને આ પ્રોજેક્ટની પેટર્ન જે-તે વિદ્યાર્થીના નામે થશે.

# મોડાસાની સ્વર્ણિમ રેસિડેન્સીમાં પરિવાર ઉંઝા ઉમિયા માતાના દર્શને નીકળ્યો રાત્રીએ તસ્કરો ત્રાટક્યા

મોડાસા, તા. ૨૨

શિયાળાની શરૂઆત થતાની સાથે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં ઘરફોડ ગેંગ



અને તસ્કર ટોળકી સક્રિય થઈ બંધ મકાન અને દુકાનોને નિશાન બનાવી સતત ચોરી, લૂંટની ઘટનાને અંજામ આપી પોલીસતંત્રને પડકાર ફેંકી રહી છે. મોડાસા શહેરમાં આવેલી સ્વર્ણિમ રેસિડેન્સીમાં રાત્રીના સુમારે બે બંધ મકાનમાં ૫ ઘરફોડ ચોર ત્રાટકી ૫૦ હજારથી વધુના મુદ્દામાલની ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. તસ્કરો સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા.

મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવી સીસીટીવી કેમેરાના રેકોર્ડિંગના આધારે તપાસ હાથ ધરી હતી.

સ્વર્ણિમ રેસિડેન્સીમાં રહેતા ચિરાગભાઈ પટેલ અને તેમનો પરિવાર ઉંઝામાં લક્ષ્મીચંડી મહાયજ્ઞમાં મા ઉમિયાના દર્શન કરવા નીકળ્યા હતા. તેમની બાજુમાં રહેતા મધુબેન મનુભાઈ પ્રજાપતિ પણ બહારગામ જતા ગત રાત્રીએ ૫ તસ્કરો ડ્રિલ મશીન સાથે ત્રાટક્યા હતા અને બંને બંધ મકાનના નકુચા તોડી ઘરમાં પ્રવેશી મધુબેન પ્રજાપતિના ઘરમાં તિજોરી અને કબાટમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી ૭૦ હજારથી વધુના મુદ્દામાલની લૂંટ કરી હતી. ચિરાગભાઈના ઘરેથી રોકડ રકમ કે ચીજવસ્તુ હાથ ન લાગતા માલસામાન વેરવિખેર કરી ફરાર થઈ ગયા હતા. ઘરફોડ ગેંગ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. ચોરીની ઘટનાની જાણ થતા બંને મકાન માલિકો ઘરે દોડી આવ્યા હતા. ઘરમાં તસ્કર ટોળકી કમાલ કરી જતા મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા પોલીસ સ્વર્ણિમ રેસિડેન્સીમાં દોડી આવી હતી.

# ભ્રષ્ટાચાર જાણે કે શિષ્ટાચાર બન્યો અરજદારો હેરાન પરેશાન

ભિલોડા,તા.૨૨

ગુજરાત રાજ્યમાં ભ્રષ્ટાચાર પર અંકુશ આવ્યો હોવાનો રીપોર્ટ સામે આવ્યો છે.વિકાસની મોટી મોટી ગુલબાંગો ફુકવામાં આવે છે પરંતુ વર્ષોથી ભ્રષ્ટાચાર જાણે કે શિષ્ટાચાર બની ગયો હોય તેમ વિવિધ સરકારી ઓફીસોમાં મોટા ભાગે કર્મચારીઓ અરજદારોનું કટકી લીધા વગર મોટા ભાગે કામકાજ નથી કરતા નથી તેવી ઠેર-ઠેર બુમ સંભળાય છે.

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટાકોટડા હાઈસ્કુલમાં રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીએ રૂા.૨,૦૦,૦૦૦/- ની માતબર રકમની ગ્રાન્ટ વ્યાયામ ખંડ માટે ફાળવી હતી. ગ્રાન્ટનો ચેક છેલ્લા ૨ મહિનાથી મોટાકોટડા ગ્રામ પંચાયતમાં આવી ગયેલ હોવા છતાં અત્રે ઉલ્લેખનીય છે કે તલાટી ક્રમ મંત્રીએ મોટાકોટડા ગ્રામ પંચાયતના ૧૦ ટકા તેમજ વિવિધ વિભાગના ૧૨ ટકા મળી કુલ ૨૨ ટકા કટકી માંગી હોવાની લેખિત ફરીયાદથી ખળભડાટ મચી જવા પામ્યો છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ઘણા વર્ષોથી વ્યાપક ભ્રષ્ટાચારએ માઝા મુક્યાનો સ્થાનિક શાળા સંચાલક મંડળના ટ્રસ્ટીઓએ આરોપ લગાવ્યો હતો.

તલાટી ક્રમ મંત્રી સામે લાગ્યા ગંભીર આરોપ :- મોટાકોટડા ગ્રામ પંચાયતના તલાટી ક્રમ મંત્રી સામે જીલ્લા કલેક્ટરને ફરીયાદ કરાઈ છે. તલાટી ક્રમ મંત્રી છેલ્લા ૭ વર્ષથી એક જ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવે છે. ઉચ્ચકક્ષાના જવાબદાર અધિકારીઓની મીલીભગતથી વિકાસના કામોમાં મોટાપાયે કમીશન પધ્ધતિ હોઈ ત્યારે ખાયકી જોવા મળે છે. ગ્રામ પંચાયતના તાબા હેઠળની વિવિધ સરકારી ગ્રાન્ટનો ઉપયોગ કરે છે. છેલ્લા ૫ વર્ષથી ધારાપુર, મોટાકોટડા સહિત આજુબાજુની તમામ ગ્રામ પંચાયતોમાં તમામ વિકાસલક્ષી કામકાજ એક જ કોન્ટ્રાક્ટર મારફતે કરાતા હોય તેવી બુમરાણ ઉઠવા પામી છે. તલાટી ક્રમ મંત્રીને ધારાપુર પંચાયતનો ચાર્જ, મોટાકોટડા ગ્રામ પંચાયતનો ચાર્જ હોવાથી ઈડરમાં મિટીંગના કામો દર્શાવી પ્રજાજનોને પુર્ણ કામકાજના સમયનો ન્યાય આપી શકતા નથી તેમ આ વિસ્તારના અરજદારોએ જણાવ્યું હતું.અરજદારોને ગ્રામ પંચાયતોમાં ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે.

# રાજસ્થાનની જયપુર બાળ સંરક્ષણ અને અધિકારની ટીમ ખેડબ્રહ્મા તપાસ માટે પહોંચી

## મામલો બીચકતા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં લવાયા પુરાવા રજુ કરતા મામલો થાળે પડ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત સરહદ પાસેના રાજસ્થાનના ડુંગરપુર, ઉદયપુર, બાસવાડાના ગામડાઓના





બાળકો વેચવામાં આવી રહ્યા છે તેવા માનવ તસ્કરીના નેટવર્કનો પર્દાફાશ બાદ રાજસ્થાન રાજ્યના બાળ સંરક્ષણ અને અધિકાર વિભાગની ટીમ છેક ખેડબ્રહ્મા આવી પહોંચી હતી.

રવિવારના રોજ ખેડબ્રહ્મા તાલુકાના અંતરિયાળ વિસ્તારના બાળકો ખેડબ્રહ્મા બસ સ્ટેશન વિસ્તારમાં એક ખાનગી જીપમાં બેઠેલા હતા ત્યારે રાજસ્થાનની ટીમે બાળકોને પકડી પોતાની ગાડીમાં બેસાડતા સ્થાનિક લોકોમાં બાળકો ઉઠાવવાવાળા હોવાનું લાગતા મામલો ગરમાયો હતો. રકઝક થતા કોઈએ પોલીસને જાણ કરતા સ્થાનિક પોલીસ પહોંચી સમગ્ર મામલો પોતાના હાથમાં લીધો હતો.

રાજસ્થાનાં બાળ સંરક્ષણ અને અધિકાર વિભાગના ચારેક જેટલા માણસો રાજસ્થાન બોર્ડરથી છેક ખેડબ્રહ્મા શહેરમાં આવી ગયા હતા. બાળકોને પોતાની ગાડીમાં બેસાડતા લોકોમાં ઉહાપોહ થયો હતો. સ્થાનિક પોલીસ તેમને પોલીસ સ્ટેશનમાં લઈ ગઈ હતી જ્યા ટીમે બાળ સંરક્ષણ અને અધિકાર વિભાગ રાજસ્થાનના માણસો હોવાનું જણાવતા મામલો થાળે પડ્યો હતો.

ત્યાંરબાદ અધીકારીઓને ખબર પડી કે રાજસ્થાન બોર્ડર તરફથી અંદર બહુજ દુર આવી ગ્યા છીએ ત્યાંરે મનોમન રાજસ્થાન બોર્ડર તરફ રવાના થયા હતા.

# ભિલોડા તાલુકાના વિવિધ માર્ગો પરની આડસ, ઝાડના નિકાલ માટે લેખિતમાં રજુઆત કરાઈ

ભિલોડા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવેલ વિવિધ માર્ગોના જરૂરી સિગ્નલો, માર્ગો પર સફેદ પટ્ટા તેમજ માર્ગો ઉપર આડસરૂપ થયેલ ઝાડના નિકાલ સંદર્ભે પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જી. વસાવાએ નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ કચેરીમાં લેખિત પત્ર મોકલાવ્યો હતો.પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટા પ્રમાણમાં અકસ્માત થયેલ હોઈ નિર્દોષ વાહન ચાલકો મોતના ખપ્પરમાં હોમાઈ ગયેલ હોઈ ત્યારે અકસ્માતોનું પ્રમાણ અટકાવવા સંદર્ભે યોગ્ય પગલાં ભરવા અનુરોધ કર્યો હતો. ભિલોડા થી રાયસીંગપુર, ટાકાટુકા થી ભાણમેર ઝાંઝરી બોર્ડર, ભિલોડા થી વીરપુર, ગંભીરપુરા થી વાઘેશ્વરી, ભિલોડા થી મલાસા, ભિલોડા થી મઉં, ભિલોડા થી ધોલવાણી ત્રણ રસ્તા, મોહનપુર, રીંટોડા અને રાયપુર ગામના પુલ સુધી, રીંટોડા ત્રણ રસ્તાથી હરીપુરા સુધી, ભેટાલી ચાર રસ્તા થી ખેરાડી, ટોરડા થી બુધરાસણ સુધીના માર્ગો પર ગોઝારા વળાંકો આવેલ છે. ગોઝારા વળાંકમાં જરીરીયાત મુજબ બમ્પ લગાવવા,તેના ઉપર વ્હાઈટ પટ્ટાના સિગ્નલ,રેડીયમના સિગ્નલ દર્શાવતા બોર્ડ લગાવવા તેમજ વળાંકમાં સીધા રસ્તા પર ઝાડી-ઝાંખરા નડતરરૂપ હોય તે હટાવવા આવશ્યક છે. ૭ દિવસમાં કાર્યવાહી પુર્ણ કરવા લેખિતમાં અનુરોધ કર્યો હતો. ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં ના આવે તો કોઈ પણ જાતની બેદરકારી દરમ્યાન કાયદેસરની કાર્યવાહી ગુનો નોંધવામાં આવશે તેમ લેખિતમાં જણાવ્યું હતું.

ખેડબ્રહ્મા કેળવણી મંડળ સંચાલિત શેઠ કે.ટી. હઈસ્કૂલમાં વર્ષ ૧૯-૨૦ના વર્ષની એન.એસ.એસ. શિબિર માણેકનાથ મંદિર ખાતે યોજાઈ હતી. શિબિરમાં વિદ્યાર્થિઓની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ આવનારને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. શિબિરમાં સંસ્થાના ઉપપ્રમુખ કનુભાઈ પટેલ, ટ્રસ્ટી કીર્તિકુમાર જોશી, રામજીભાઈ પટેલ, ઓ.એસ. જીજ્ઞેશભાઈ જોશી હજાર રહ્યા હતા. સમગ્ર શિબિરનું આયોજન શાળના આચાર્ય વિભાષભાઈ રાવલ અને કપિલભાઈ ઉપાધ્યાયએ કર્યું હતુ.



